**ફોજદારી કેસ નં.૫૮૯/૨૦૨૫**
**આંક–૧ હેઠળ હુકમ**

(૧). આ કામના આરોપી સામે એમ.વી.એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુના અંગેનું ઈન્સાફી કાર્યવાહી અર્થેહાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે, જે સબંધે ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલા આરોપીએગુનાની કબુલાત કરતી પુરસીસ કોર્ટમાં રજુ કરેલ છે. જેથી સદર ગુના અંગે આરોપી વિરૂધ્ધ તહોમતનામું ઘડી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં પણ આરોપીએ ગુનો કર્યાઅંગેની કબુલાત કરેલ છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુનાની કબુલાત કરવા તેઓ બંધાયેલા નથી છતાં આરોપી પોતાની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલી કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતા, સદર કબુલાત મંજૂર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના એમ.વી.એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨). વધુમાં, આરોપી તરફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને ગુનો કર્યાનો તેમને અફસોસ છે તથા તેમની ઉપર કુટુંબની જવાબદારી છે. ઘરમાં કમાનાર તે એક જ વ્યકિત છે અને તે ગરીબ માણસ છે, તેથી દયા કરવા અરજ કરેલી છે.

(૩). નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતોને ઘ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલી જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સતા છે. આમ, સદરહું ચુકાદાની હકીકતો વંચાણે લેતા, તે હાલના આરોપીના કેસને મદદરૂપ થતો હોવાનું જણાય આવે છે. જેથી આરોપીની સ્થિતિ, ગુનાનો પ્રકાર, સજાની જોગવાઈ તથા તમામ સંજોગો ઘ્યાને લઈ, હાલના કેસમાં ઓછામાં ઓછી સજા તથા દંડનો હુકમ કરવો ન્યાયોચિત હોવાનું આ અદાલતનું માનવું હોય, ઉપરોકત તમામ ચર્ચાને અંતે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**ફોજદારી કેસ નં.૫૮૯/૨૦૨૫**
**આંક–૧ હેઠળ હુકમ**

**<u>–: હુકમ :–</u>**

**૧.** આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૧ અન્વયે એમ.વી.એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ સંયુકત રીતે રૂા.૧૦૦૦/– અંકે રૂપિયા એક હજાર પુરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દંડ ન ભરવા સબબ દિન–૦૪ (ચાર) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીના જામીનખત અપીલ સમય વિત્યા બાદ રદ ગણવા.

આ હુકમ આજરોજ તા. **૧૨ મી,** માહે **જુલાઈ,** સને **૨૦૨૫** ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૭/૨૦૨૫
વારાહી.

(સંજય ચૌધરી)
કોડ નં.જીજે ૦૧૫૮૧
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
સાંતલપુર, મુ.વારાહી.